ક્રમાંક:રાપબો/ખા.પ/૨૦૨૫/ ૧૨૪૪૬-૧૨૫૨૯

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય,
સરકારી પુસ્તકાલયની સામે
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા: ૧ /૧૧/૨૦૨૫

પ્રતિ,

- નાયબ શિક્ષણ નિયામકશ્રી(મહેકમ), કમિશનર શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.

વિષય :- તા.૨૧/૨૨/૨૩ ડીસેમ્બર-૨૦૨૪ના રોજ લેવાયેલ વિવિધ સંવર્ગની ખાતાકીય પરીક્ષાના પરિણામના જાહેરનામા બાબત.

સંદર્ભ :- (૧) આ કચેરીના જાહેરનામા:ક્રમાંક:રાપબો/ખા.પ-૨૦૨૪/૨૦૨૫/૧૯૨૦-૨૦૧૪,તા.૨૦/૨/૨૦૨૫
(૨) આ કચેરીના જાહેરનામા:ક્રમાંક:રાપબો/ખા.પ-૨૦૨૪/૨૦૨૫/૨૦૧૫-૨૧૦૮,તા.૨૦/૨/૨૦૨૫
(૩) આ કચેરીના જાહેરનામા:ક્રમાંક:રાપબો/ખા.પ-૨૦૨૪/૨૦૨૫/૨૧૦૯-૨૨૦૩ ,તા.૨૦/૨/૨૦૨૫
(૪) આ કચેરીના પત્ર ક્રમાંક/રાપબો/ખા.પ/૨૦૨૪/૨૦૨૫/૭૦૩૩-૭૧૨૬/તા.૪/૬/૨૦૨૫

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવામાં આવે છે કે,રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૨૧/૨૨/૨૩ ડીસેમ્બર-૨૦૨૪ના રોજ (૧) શિક્ષણ વિભાગના વર્ગ-૩ ની ગૌણ સેવાઓમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક અને પંચાયત સંવર્ગ વર્ગ-૩ના જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષકની ખાતાકીય પરીક્ષા (૨) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ જુનિયર કલાર્ક માટે લોઅર લેવલની ખાતાકીય પરીક્ષા (૩) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ સિનિયર કલાર્ક માટે હાયર લેવલની ખાતાકીય પરીક્ષા (૪) જી.સી.ઈ.આર.ટીના પત્ર અન્વયે GCERT અને તેના તાબા હેઠળના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET)માં ફરજ બજાવતા લેકચર(વર્ગ-૩) અને સિનિયર લેક્ચરર (વર્ગ-૨) ની ખાતાકીય પરીક્ષાઓ તા-૨૧, ૨૨ અને ૨૩ ડીસેમ્બર-૨૦૨૪ના રોજ અમદાવાદ અને ગાંધીનગરના કેન્દ્રો પર લેવામાં આવેલ હતી. આ ખાતાકીય પરીક્ષાઓના પરિણામ સંદર્ભના જાહેરનામાઓથી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતા સદર જાહેરનામાઓમાં ઉમેદવારોની માર્કશીટ સંબંધિત કચેરીઓ પર મોકલી આપવામાં આવશે તેમ જણાવેલ હતું.પરંતુ રાજય પરીક્ષા બોર્ડ સદર ખાતાકીય પરીક્ષાઓની માર્કશીટ ઈસ્યુ કરવામાં આવેલ નથી.

આ બાબતમાં જણાવવાનું કે, સ્પીપા તેમજ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવતી ખાતાકીય પરીક્ષાઓમાં ઉમેદવારોને વ્યકતિગત માર્કશીટ આપવામાં આવતી નથી પરિણામના જાહેરનામા ધ્યાને રાખીને કર્મચારીઓને સેવાકીય કે નાણાકીય લાભો મંજૂર કરવામાં આવતા હોય છે. તેવી જ રીતે હવે પછી રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી વિવિધ સંવર્ગની ખાતાકીય પરીક્ષાઓમાં પણ ઉમેદવારોને વ્યક્તિગત માર્કશીટ આપવા આવશે નહિ. સેવા વિષયક લાભો મેળવવા કે આપવા માટે સદર પરીક્ષાઓના પરિણામ અંગેના જાહેરનામા તેમજ યાદી ધ્યાને લેવાના રહેશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી. તેમજ આ અંગેની જાણ આપના તાબા હેઠળની સંસ્થાઓ/કચેરીઓ/ઉમેદવારોને કરવા વિનંતી છે.

આપશ્રીના મેઈલ આડી પર અત્રેની કચેરી દ્વારા તા.૯/૬/૨૦૨૫ના રોજ ઈ-મેઈલથી સદર પરીક્ષાઓના પરિણામ અંગેના જાહેરનામા તેમજ યાદી મોકલી આપેલ છે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ.

- માન.સચિવશ્રી,(પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ,બ્લોક નં-૫(૭મો માળ) નવા સચિવાલય,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૯ ,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(PTO)

- માન.નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં-૧૨/૧ ,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.ગાંધીનગર.
- નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી,સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
- શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

ક્રમાંક:અનદ-મકમ/ખાપ/માર્કશીટ/૨૦૨૫/ ૨૧૭૮૨-૯૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
પાલનપુર જિલ્લો-બનાસકાંઠા
તારીખ : ૦૧ /૧૧/૨૦૨૫

રા- <u>રવાના જાણ તેમજ જરૂરી અમલવારી કરવા સારૂં.</u>

જિલ્લા શિક્ષણાધિકારી
પાલનપુર જિ-બનાસકાંઠા

<u>પ્રતિ :-</u>

- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા.શાળાઓ, તમામ, જિ-બનાસકાંઠા અને વાવ-થરાદ.

<u>નકલ રવાના :-</u>

- પ્રમુખશ્રી/મંત્રીશ્રી, સંબંધિત શાળા સંચાલક મંડળ, તમામ, જિ-બનાસકાંઠા અને વાવ-થરાદ.

<u>નકલ સવિનય રવાના :-</u>

- મે.સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર..